ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૧૦-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### હુકમના એક્કાની આકરી કસોટી

લોકસભાની ચૂંટણી વખતે ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભલામણથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરી ચૂંટણી પ્રચારનો સઘળો ભાર એમના શિરે નાખ્યો હતો. સ્ટાર પ્રચારકોની લાંબી યાદીમાં 'સુપરસ્ટાર' એક એવા મોદી હતા અને પ્રજાને એમની વાણી તેમજ ગુજરાતના વિકાસ મોડલમાં ભરોસો મૂકી દસ વર્ષ જૂની યુપીએ સરકારને નામોશી ભરી વિદાય આપી હતી. પરંતુ એ પછીની વિવિધ રાજયોની પેટાચૂંટણીમાં ભાજપને ધારી સફ્ળતા નહોતી સાંપડી. ઊલટાની રાજસ્થાન, ઉત્તરાખંડ અને ગુજરાત સુદ્ધાંમાં કોંગ્રેસ ફિનિક્સ પંખીની માફ્ક રાખમાંથી બેટી થઇ રહી હોય એવા સંકેલો સાંપડવા લાગ્યા. તેથી હરિયાણા અને મહારાષ્ટ્ર જેવાં બે મહત્ત્વનાં રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરવા માટે ભારતીય જનતા પાર્ટીએ સીધા જ વડાપ્રધાનને ફ્રી એક વાર પ્રચારક તરીકે ઉતારવા પડ્યા છે. સામાન્ય શિરસ્તા મુજબ વડાપ્રધાન જેવા ઉચ્ચ પદ પર બિરાજતા નેતા વિધાનસભાની ચૂંટણીમાં ઝોનવાર એકાદ-બે સભાઓ સંબોધતા રહ્યા છે. એને બદલે મોદીએ અદ્દલ લોકસભાની ચૂંટણી જેવો ઝંઝાવાતી પ્રચાર કરી બેઉ રાજયોમાં ચાળીસ કરતાં વધુ રેલીઓ કરીને પાર્ટીને પોતાના જ બળ પર તારી દેવાનું કૌવત દાખવ્યું છે. મહારાષ્ટ્ર અને હરિયાણા - બેઉ રાજયોમાં પાર્ટીના જૂના સહયોગી પ્રાદેશિક પક્ષોને અળગા કરી દેવાતાં આ ચૂંટણી મોદી નામના હુકમના એક્કાની આકરી કસોટી જેવી બની ગઇ છે. મહારાષ્ટ્ર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીઓ જિતાડી શકશે તો મોદીની સાથે જ એમના વિશ્વાસુ ગુજરાતી નેતા અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની 'બલ્લે બલ્લે' થઇ જશે. પછી અડવાણીથી લઇ રાજનાથ-જેટલી-સુષમા કે મોદીનાં ખુલ્લા વિરોધી વસુંધરાનો પક્ષમાં અવાજ જ નહીં રહે. મતદાન કરતી વખતે પ્રજાજનો કેવો મિજાજ દર્શાવે છે અને આગામી ઓગણીસમી તારીખે ઇવીએમ મશીનો કેવો પ્રતિસાદ પાઠવે છે, તે જોવું ઘણું જ રસપ્રદ બની રહેશે. નરેન્દ્ર મોદીએ એમની લડાયક છબી અકબંધ રાખીને બેઉ રાજયોમાં મતદારાઓને હથેલીમાં ચાંદ બતાવવામાં કોઇ જ કસર નથી રાખી. કેન્દ્રમાં ભાજપની પૂર્ણ બહુમતીવાળી સરકાર રચવામાં મતદારાઓએ જેવો ઉમળકો દાખવ્યો હતો એવો જ ઉત્સાહ હવે રાજયોની ચૂંટણીમાં દાખવે તો જ એમનો સરખો વિકાસ થઇ શકશે - એવી સ્પષ્ટતા પણ એમણે ગાઇ વગાડીને કર્યે રાખી છે. દેશમાંથી કોંગ્રેસના નામનું નામું લખાવી દેવાની નેમ સાથે હુડ-હુડ ચક્રવાતની ઝડપે ઝુઝારુ વડાપ્રધાને બેઉ રાજયોમાં ખૂણે ખૂણે પહોંચી જઇને પ્રજા પાસેથી પોતાના માટે - પાર્ટી કરતાં વિશેષ નરેન્દ્ર મોદીના નામે - મત માગ્યા છે. વળી કુનેહપૂર્વક આ ચૂંટણીમાં એનડીએ સાથે નહીં રહેનારા એના જૂગજૂના સાથીઓ - મહારાષ્ટ્રમાં શિવસેના અને હરિયાણામાં શિરોમણી અકાળી દળ વિરૂદ્ધ હરફ પણ ઉચ્ચાર્યા વગર એમને ટાઢા પાણીએ નવરાવી દેવાનો વ્યૂહ અપનાવ્યો છે. હરિયાણામાં એનડીએના સાથીદાર રહેલા હરિયાણા જનકોંગ્રેસ અને ઇંન્ડિયન નેશનલ લોકદળ જેવા પ્રાદેશિક પક્ષોની સામે ભાજપને જિતાડવા માટે એમણે પરિવારવાદનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. ગત ચૂંટણીમાં સબળ વિપક્ષ તરીકે ચૂંટાઇ આવનાર ઓમપ્રકાશ ચૌટાલાની પાર્ટી આ વખતે હુડા સરકાર વિરૂદ્ધ એન્ટી - ઇન્કમ્બન્સી વાવરનો લાભ લેવા પ્રયાસ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી હરિયાણામાં હંમેશા હાંસિયે ધકેલાતી રહી છે, અને કોંગ્રેસ વિરૂદ્ધ પ્રાદેશિક સ્તરે દેવીલાલ-બંસીલાલ કે ભજનલાલની જ્ઞાતિવાદી સમીકરણો ધરાવતી પાર્ટીઓ જ બાખડતી રહી છે. મોદી આ પરિવારવાદી અને જ્ઞાતિવાદી રાજકારણના સકંજામાંથી હરિયાણાને મુક્ત કરીને એને વિકાસના રાજમાર્ગ પર મૂકી આપવાનું લોલી પોપ દેખાડી રહ્યાં છે. કોંગ્રેસ પર મોદીની દૃષ્ટિએ તો રાષ્ટ્રીય સ્તરની પરિવારવાદી પાર્ટી જ છે. લોકપ્રિય જાટ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન દેવીલાલના કુપુત્ર હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ચૌટાલાને શિક્ષકોની ભરતીમાં થયેલ કૌભાંડમાં દસ વર્ષની જેલ થયેલ છે. બીમારીના બહાના હેઠળ જામીન પર છૂટેલા ચૌટાલા પદ્ધતિસરની ચૂંટણીસભાઓ કરવા લાગ્યા અને જેલમાં શપથવિધિ કરવાની વાતો કરવા લાગ્યા એથી અકળાઇને હાઇકોર્ટે એમના જામીન તાબડતોબ રદ કર્યા છે. પરંતુ એથી એમની પાર્ટીને ઊલટાનું સહાનુભૂતિનો લાભ મળવાની સંભાવના સરજાઇ છે. મોદીએ તિહાડ જેલવાળા સાથે પોતાનો કોઇ સંબંધ હોવાની જાહેરાત કરી ભાજપને સ્પષ્ટ બહુમતી આપી પ્રદેશને કૌટુંબિક રાજકારણથી છુટકારો અપાવવા અપી કરવી પડી છે. હુડ્ડાને તેઓ ૧૦, જનપથનાં હિતોની રખેવાળી કરનારા અને 'જમાઇરાજ' (રોબર્ટ વાડરા) ને જમીન સોદાઓમાં લૂંટ ચલાવવામાં મદદ કરનારા પ્રજાદ્રોહી મુખ્યમંત્રી કહે છે, તો મહારાષ્ટ્રમાં પણ બધા જ ભ્રષ્ટાચારીઓ ગાંધીવૈદનું સહિયારું ચલાવીને રાજયને બરબાદ કરી રહ્યાનો આક્ષેપ કરી પવાર સહિત કોંગ્રેસના બધા આગેવાનોને પાઠ ભણાવવાની ઝુંબેશ ચલાવી ચૂક્યા છે. પ્રશ્ન શિવસેનાના 'મરાઠી માણૂસ'નો છે. હરિયાણામાં તો તેઓ વીરેન્દ્ર સિંહ જેવા જાટ નેતાને સાથે લાવી શક્યા છે અને મહારાષ્ટ્રમાં પણ અમિત શાહે ઘણા કોંગ્રેસી-એનસીપીના મંત્રીઓ તથા ધારાસભ્યોને પક્ષપલટો કરાવી કેસરિયો ખેસ પહેરાવી પોતાના ઉમેદવારો પણ બનાવ્યા છે. છતાં, પ્રાદેશિક સમીકરણો મોદી અને અમિત શાહની ગણતરીઓ ઊંધી વાળી શકે એમ છે. છેલ્લે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે ગુપ્ત સમજૂતી થઇ ગઇ છે અને વિચક્ષણ મરાટા નેતા શરદ પવારે ખુલ્લંખુલ્લા ઉદ્ધવ ઠાકરેની પ્રશંસા કરી છે. શિવસેનાએ ભાજપને પીઠ પાછળ ખંજર ભોંકનાર અફ્ઝલખાન સાથે સરખાવી શિવાજીની જેમ એનો વાઘનખથી ફેંસલો કરી નાખવાની હોડ બકી છે. બાળા સાહેબ ઠાકરેની ગેરહાજરીમાં પણ 'મરાઠી માનસ' અને 'મરાઠી માણૂસ' બદલાયાં નથી. મહારાષ્ટ્ર અને મુંબઇને દિલ્હીના સકંજામાંથી છોડાવવા પ્રાદેશિક શક્તિઓ એક થઇ છે ત્યારે બે રાષ્ટ્રીય પક્ષો તરીકે, કોંગ્રેસ માટે આ ચૂંટણી સીધાં ચઢાણ છે એમ ભારતીય જનતા પાર્ટી અને એના હુકમના એક્કા એવા 'ગુજરાતી' વડાપ્રધાન માટે પણ લિટમસ ટેસ્ટ સમી જ છે. જો જીત્યા તો પાસા પોબાર, નહિંતર પાણી મપાઇ જશે એમાં મીનમેખ નહીં!


# "સ્વચ્છતા" વિષયક નિબંધ સ્પર્ધામાં ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિદ્યાલય વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'મારું સ્વચ્છ અને સુંદર વિશ્વ' વિષયની નિબંધ સ્પર્ધામાં શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૪

શિક્ષણ અને વ્યક્તિત્વ ઘડતરના ક્ષેત્રમાં અનોખું કાર્ય કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિદ્યાલય વિશ્વવિદ્યાલય દ્વારા 'મારું સ્વચ્છ અને સુંદર વિશ્વ' વિષયક નિબંધ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં ૨૭ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના સંયોજક અને અશ્વિભાઈ એ પટેલ કોમર્સ કૉલેજના અધ્યાપક ધર્મેન્દ્રભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના દીર્ઘદૃષ્ટા પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલની અભિપ્રેરણાથી ગત વર્ષથી આ નિબંધ સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગત વર્ષે ડૉ. એપીજે અબ્દુલકલામથી અભિપ્રેરિત થઈને 'તમારી માતાને હસાવો' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૨૧૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વખતે 'મારું સ્વચ્છ અને સુંદર વિશ્વ' વિષયે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં મંડળ તથા યુનિવર્સિટી સંલગ્ન શાળા તથા કૉલેજોના કુલ ૨૭૨૯૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ધોરણ-૩થી ૫ના ૪૪૭૯, ધોરણ ૬થી ૮ના ૫૬૮૯, ધોરણ-૯-૧૦ના ૫૨૨૨, ધોરણ-૧૧,૧૨ના ૭૧૫૪, સ્નાતક કક્ષાના ૩૬૬૬ અને અનુસ્નાતક કક્ષાના ૧૦૮૪ વિદ્યાર્થીઓ સામેલ હતા. વિદ્યાર્થી પોતાની આસપાસ સ્વચ્છતા બાબતે જે સમસ્યાઓ જુએ છે તેનો યોગ્ય ઉકેલ આવે તથા સ્વચ્છતાના નિયમોનો આજીવન અમલ કરવા તે પ્રેરાય એવા હેતુસર નિબંધ સ્પર્ધા માટે સ્વચ્છતાનો વિષય પસંદ કરવામાં આવ્યો હતો. અલબત્ત, વિદ્યાર્થીઓને તેમની કક્ષા અનુસાર પેટા વિષયો આપવામાં આવ્યા હતા.



ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છ ઘર, સ્વચ્છ શાળા, સ્વચ્છ ગામ/શહેર', ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છતા લાવે સુંદરતા' અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે 'સ્વચ્છ ભારતના નિર્માણ માટે મારી ભૂમિકા' વિષય આ નિબંધ સ્પર્ધા અંતર્ગત નિયત કરવામાં આવ્યો હતો.

નિબંધ સ્પર્ધા બાદ દરેક વિભાગ દીઠ ૧૦ શ્રેષ્ઠ નિબંધો અલગ તારવવામાં આવ્યા હતા, જે પૈકી ત્રણ શ્રેષ્ઠ નિબંધો પસંદ કરવાની કામગીરી હાલ ચાલી રહી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, આ લો પાંચ હજાર રૂ. માવો નકલી નીકળે તો.., દંડનાં પૈસા કાપી બાકીના મોકલાવી દેજો...!!

# રાજપુત સેવા સમાજ દ્વારા માર્ગદર્શન શિબિરનું આયોજન

શ્રી કચ્છ-કાઠિયાવાડ રાજપુત સેવા સમાજ તથા રાજપુત સમાજ ગાંધીનગરનાં સહયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ગૌણસેવા પસંદગી મંડળની બિન સચિવાલય તેમજ સચિવાલય ક્લાર્ક/ ટાઈપીસ્ટ/ ઓફિસ આસિસ્ટનનની ભરતી માટે લેવાતી પરીક્ષા માટે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ડિસેમ્બર માસમાં યોજાનાર આ પરીક્ષાલક્ષી માર્ગદર્શન માટેની ૨૧ દિવસની શિબિરનાં વર્ગો તા. ૩-૧૧-૨૦૧૪ થી શરૂ કરવામાં આવશે. આ માર્ગદર્શન-શિબિરની રજિસ્ટ્રેશન ફી રૂ. ૩૫૦૦ રહેશે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ રાજપુત સમાજ કાર્યાલયનાં મંત્રી શ્રી જશવંતસિંહ ગોહેલ સાહેબનો સંપર્ક સવારે ૯.૦૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૩૦ સમય દરમ્યાન ૦૭૯-૨૩૨-૨૬૪૪૪ આ નંબર પર કરવો.

આ માર્ગદર્શન શિબિર માટેની કોઈપણ જાણકારી માટે ફોન કે રૂબરૂ મુલાકાત લેવી. માર્ગદર્શન શિબિર બ્લોક નં. ૧૪૬/૪, ચ-ટાઈપ સેક્ટર-૧૭, ગાંધીનગરના 'રાજપુત સમાજનાં કાર્યાલયમાં તા. ૩-૧૧-૧૪ ના રોજથી શરૂ કરવામાં આવશે. રજિસ્ટ્રેશન ઈચ્છુક વિદ્યાર્થીઓએ પાસપોર્ટ સાઈઝનાં બે ફોટા તથા ફી સાથે રાખવી તમામ જાણકારીની ખાસ નોંધ લેવી.

# આયુર્વેદીક-હોમિયોપેથીમાં આજથી રિશફલીંગ શરૂ કરાશે

## રિશફ્લિંગની પ્રક્રિયા ૨૧મી સુધી ચાલશે : વિદ્યાર્થીઓને નિયત ધારાધોરણ મુજબ જ ક્રમશઃ બોલાવવામાં આવશે

અમદાવાદ, તા.૧૫

આયુર્વેદીક, હોમોયોપેથી, બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી, ઓર્થોટિક્સ, નેચરોપથી-ઓપ્ટોમેટ્રી સહિતની વિદ્યાશાખાઓની ખાલી પડેલ ૬૭૩ થી વધુ બેઠકો પરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટેની રિશફલીંગ પ્રક્રિયાનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આ રિશફલીંગની પ્રક્રિયા આગામી ૨૧મી ઓક્ટોબર સુધી ચાલશે. આ રિશફલીંગમાં વિદ્યાર્થીઓને નિયત ધારા-ધોરણ અનુસાર પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા બોલાવવામાં આવશે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, પછીના કોર્સ માટેની પ્રવેશ પ્રક્રિયા માટે સરકારી, મ્યુનિસિપલ, અનુદાનિત સંસ્થાઓની સરકારી બેઠકો, ખાલી પડેલી બેઠકો, નવી મંજુર થયેલી બેઠકો તેમજ આનુષાંગિક ખાલી પડનાર બેઠકો માટે રિશફલીંગની કાર્યવાહી આવતીકાલથી હાથ ધરાવવામાં આવશે જેના ભાગરૂપે રિશફલીંગ પ્રક્રિયામાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ આંશિક ફી પેટે રૂા. ૧૫,૦૦૦ રોકડા લઈને એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ, બીજે મેડીકલ કોલેજ ગ્રાઉન્ડ, ટ્રોમા સેન્ટરની સામે, ટ્રાન્ઝિટ વોર્ડની પાછળ ન્યુ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા ખાતે આવવાનું રહેશે. આ રિશફલીંગ પ્રક્રિયા ૨૧ ઓક્ટોબર સુધી ચાલશે. જેમાં આવતીકાલે સીબીએસઈ બોર્ડમાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે છે જયારે ત્યારબાદ ૨૧ ઓક્ટોબર સુધી દરરોજ ગુજરાત શિક્ષણ બોર્ડનાં વિદ્યાર્થીઓને બોલાવવામાં આવશે. આ રિશફલીંગની પ્રક્રિયા રવિવારના દિવસે પણ યથાવત રહેશે. ઉલ્લેખનીય છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫નું પ્રથમ સેમેસ્ટર પુરુ થવા આવ્યું હો છતાં રાજયમાં આયુર્વેદીક, હોમિયોપેથી, બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી, ઓર્થોટિક્સ, નેચરોપથી ઓપ્ટોમેટ્રી સહિતી વિદ્યાશાખાઓમાં ૬૭૩થી વધુ બેઠકો ખાલી પડી છે જેને ભરવા માટે આવતીકાલથી રિશફલીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.



### માઈમ સ્પર્ધામાં ત્રીજુ સ્થાન મેળવ્યુ

ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવ-૨૦૧૪ ઈન્ટર ઝોનલ સ્પર્ધા વસૌ ખાતે આવેલ શ્રીમતી એસ.બી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાયો હતો. જેમાં સેક્ટર-૧૫ સરકારી વિનયન કોલેજ માઈમ સ્પર્ધામાં ત્રીજુ સ્થાન મેળવ્યું હતું. કોલેજ પરિવારે ભાગ લીધેલ અને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

# ૬ ઈજનેરી કોલેજોમાં સેન્ટર ફોર એક્સલન્સ પ્રોજેક્ટ શરૂ

## કાર્યક્રમમાં ઉર્જામંત્રી સૌરભ પટેલ પણ વિશેષ રીતે હાજર

અમદાવાદ, તા.૧૫

રાજયની ૬ ઈજનેરી કોલેજોમાં જર્મન કંપની સિમેન્સ ઈન્ડસ્ટ્રીઝ સોફટવેર અને ગુજરાત સરકારના શિક્ષણ, ઉદ્યોગ વિભાગના સંયુક્ત ઉપક્રમે સેન્ટર ફોર એક્સલન્સનો આરંભ કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં ઈજનેરીક્ષેત્રે ગુજરાતની તાકાત વધારનારા આ મહત્વકાંક્ષી પ્રોજેકટનું લોન્ચીંગ મહેસાણાના મેવડ ખાતે આકાર પામેલી ગુજરાત પાવર કોર્પોરેશન લીમીટેડ એન્જીનીયરીંગ એન્ડ રીસર્ચ કોલેજથી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉર્જામંત્રી સૌરભ પટેલે શિક્ષણને ઉદ્યોગ સાથે જોડીને જોબ ઓપોચ્યુનિટી વધારતા આવા સેન્ટરમાં ઈન્ડસ્ટ્રીઝની ડિમાન્ડ મુજબ એન્જીનીયર્સ ડેવલપ કરવાનો ઉદેશ્ય સ્પષ્ટ કર્યો હતો. તેમણે જાહેર કર્યો હતો કે સેન્ટર ફોર એક્લસન્સ શરૂ થતાં સ્પેશિયલ કોર્સ માટે ઈજનેરી વિદ્યાર્થીઓને ખાનગી સંસ્થાઓને મોટી ફી ચુકવવી નહીં પડે. લેટેસ્ટમાં ટેકનોલોજી બેઝ કોર્સ સાવ મફતમાં ઉપલબ્ધ થશે. માસ્ટર, પીએચડી માટે ઈન્ટરનેશનલ સ્તરની લેબથી ડેવલપ થનાર એન્જીનીયરોને કોલેજથી પ્લસેમેન્ટ મળશે.

આ સેન્ટરમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ટનર તરીકે દેશની અગ્રણી કંપનીઓ સાથેની સુવિધા રાષ્ટ્રીય સ્તરે સુવિધાઓ ઉભી થશે. જેથી ગુજરાતી યુવા ઈજનેરને બહાર પણ ઉજજવળ તક ઉપલબ્ધ બનશે. સિમેન્સના ડિઝાઈન ટેક સિસ્ટમ દ્વારા ૬ કોલેજોમાં ત્રણેક વર્ષમાં ૪૮,૦૦૦ વિદ્યાર્થીઓ સહિત ફેકલ્ટી, પ્રોફસર્સ મળીને ૬૯,૦૦૦ને ટ્રેનિંગની જાહેરાત કરતાં ઉર્જામંત્રી સૌરભ પટેલે ઉમેર્યું હતું કે એક સેન્ટર ઓફ એક્સલન્સ પાછળ રૂા. ૧૧૬.૯૫ કરોડનો ખર્ચ થશે. જેમાં ગુજરાત સરકારના ૧૭.૧૦ કરોડ અને સિમેન્સ એન્ડ ડિઝાઈન ટેક કંપની સામાજીક જવાબદારીના ભાગરૂપે રૂા. ૯૯.૯૮ કરોડનું રોકાણ કરશે. ગુજરાત પાવર એન્જીનીયરીંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ, મહેસાણા, લખધીરજી ઈજનેરી કોલેજ મોરબી અને પાટણ, રાજકોટ, જામનગરની સરકારી મેડીકલ કોલેજ એમ કુલ મળી ૬ સ્થળે શરૂ થનારા ટ્રેનિંગ સેન્ટર પાછળ એક જ વર્ષમાં રૂા. ૭૧૪ કરોડનું રોકાણ થશે. જેમાં ૮૫ ટકા સિમેન્સ કંપનીનું સામાજિક જવાબદારી હેઠળ રોકાણ હશે.



### ઓરાણ ગૃપ માધ્યમિક શાળામાં ૪૪ બક્ષીપંચ વિદ્યાર્થીનીઓને સાયકલ અપાઈ

ચિલોડાથી પ્રાંતિજ તરફના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ ઓરાણ ગામે શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપ માધ્યમિક શાળામાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ-૯માં ભણતી બક્ષીપંચમાં આવતી ૪૪ વિદ્યાર્થીનીઓને સાયકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઓરાણ ગ્રુપ માધ્યમિક શાળામાં યોજાયેલ સાયકલ વિતરણ સમારભમાં બક્ષીપંચ હેઠળ આવરી લેવાયેલ જ્ઞાતિઓની ધોરણ-૯માં ભણતી વિદ્યાર્થીનીઓને શાળાએ આવવા જવામાં તકલીફ ના પડે તે માટે સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૪૪ વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ ઓરાણ કેળવણી મંડળના મંત્રી મહેન્દ્રભાઈ જૈનની ઉપસ્થિતિમાં આ સાયકલોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે કેળવણી મંડળના સભ્ય પરબતસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સાયકલો શાળાના આચાર્ય કે.એન. રાઠોડના હસ્તે વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# રોહિત સમાજ ટ્રસ્ટ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૫

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ વર્ષ ૨૦૧૪ના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને વિદ્યા પુરસ્કાર આપી સન્માનીય કરશે. ધોરણ-૧૦,૧૨, સ્નાતક, અનુસ્નાતક, પી.ટી.સી., બીએડ., એમ.એડ., એમ.એસ.સી., મેડીકલ, એન્જીનિયરીંગ અને વિશિષ્ઠ પરીક્ષા પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓને યોગ્ય પુરસ્કાર આપી સન્માનિત કરશે.

આગામી તા. ૧૬ નવેમ્બરના રોજ યોજાનાર સ્નેહમિલન સમારોહમાં કાર્યક્રમ યોજાશે. ત્યારે દરેક વિદ્યાર્થીઓએ માહિતી ફોર્મ તા. ૩૧ ઓક્ટોબર સુધી સંસ્થાના કાર્યાલય તેમજ સભ્યોને મોકલી આપવા જણાવ્યું છે.

# બાલવા હાઈસ્કૂલનો એથ્લેટિક્સમાં વિજય

બાલવા, તા. ૧૫

ખેલ મહાકુંભ-૧૪ ગાંધીનગર ગ્રામ્ય એથલેટિક્સની સ્પર્ધા યોજાઈ હતી. અન્ડર-૧૩ ગૃપમાં ભાટી ભાવેશ, જે ૨૦૦ મી.માં દ્વિતીય, અન્ડર-૧૬માં ચૌધરી મિત જી ચક્ર ફેંકમાં દ્વિતીય ભાટી કિરીટ જે ઊંચી કૂદમાં દ્વિતીય અન્ડર ૧૬માં ચૌધરી અક્ષય બી. લંગડી ફાળ કૂદમાં તૃતીય ઠાકોર કિરણે ૨૦૦ મીટર દોડમાં તૃતીય નંબરો પ્રાપ્ત કરેલ છે.

વ્યાયામ શિક્ષક શ્રી શૈલેષકુમાર પટેલ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય શ્રી અર્જુનસિંહ પરમાર અને ટ્રસ્ટીઓએ અભિનંદન આપ્યા હતા.




### પ્લાસ્ટિક અને તમાકુ મુકત કરવા સંકલ્પ લેવડાવ્યો

ભારત સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સેન્ટ્રલ યુનિવર્સિટી દ્વારા સફાઈ કાર્ય અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિએ વિશ્વ વિદ્યાલયને પ્લાસ્ટિક અને તમાકુ મુકત કરવા દૃઢ સંકલ્પ લેવડાવ્યો હતો. અભિયાનમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ જોડાયો હતો.